www.prepp.in

Prepp Your Personal Exams Guide

SET-4

Series GBM

Code No. 10

Roll No. | | | | | | | |

Candidates must write the Code on the title page of the answer-book.

- Please check that this question paper contains **8** printed pages.
- Code number given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- Please check that this question paper contains **6** questions.
- Please write down the Serial Number of the question before attempting it.
- 15 minute time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the students will read the question paper only and will not write any answer on the answer-book during this period.

ગુજરાતી

GUJARATI

સમય સીમા : 3 કલાક — *કુલ અંક : 100*

Time allowed : 3 hours — *Maximum Marks : 100*

SECTION A

[Advanced Reading Skills]

1. નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તર લખો. *10*

સહનશીલતા એ મનુષ્યનો સહુથી મોટો ગુણ છે. એમ શ્રીમા શારદાદેવી કહે છે. જીવનમાં જેઓ સહી લે છે, તેમના માટે કોઈ મુશ્કેલી હોતી નથી. પણ જેઓ

Prepp
Your Personal Exams Guide

સહન કરી શકતાં નથી, તેઓ બધું ગુમાવે છે. આજે કુટુંબો ભાંગી રહ્યાં છે, તેની પાછળનું જો કોઈ મુખ્ય કારણ હોય તો તે સહનશીલતાનો અભાવ છે. સત્તરમા સૈકામાં ઓ ઑસાન નામના પ્રધાનના પરિવારમાં લગભગ એક સો માણસો પ્રેમપૂર્વક સંપથી રહેતા હતા. આ પરિવારના સંપ વિશે એમ કહેવાતું હતું કે ઑસાનના ઘરનો કૂતરો પણ બીજા કૂતરા સાથે ઝઘડતો નથી. ત્યાંના સમ્રાટને આ વાતની ખબર પડી એટલે તેઓ પ્રધાનના ઘેર ગયા. તેમના પરિવારના આવા અદ્‌ભૂત સંપનું રહસ્ય શું છે, તે જણાવવા કહ્યું. વયોવૃદ્ધ પ્રધાને પોતાના પૌત્રને કાગળ પેન્સિલ લાવવા કહ્યું. ધ્રુજતે હાથે તેમણે આ સંપનાં કારણો લખી આપ્યાં. રાજા કાગળ વાંચીને આશ્ચર્યચકિત થઈ ગયો. એ કાગળમાં સો વાર એક જ શબ્દ લખ્યો હતો અને તે શબ્દ હતો સહનશીલતા. જો વ્યક્તિને સુખ-શાંતિ-પ્રેમ જોઈતાં હોય તો સહન કરતા શીખી લેવું પડશે. સહનશીલ બનવા માટે બીજા કશાની જરૂર નથી. ફક્ત મન ઉપર સંયમ રાખવાની જરૂર છે. એક વાર જો આ સંયમ મન ઉપર આવી જાય તો પછી સહનશક્તિની જાદુઈ ચાવી હાથમાં આવી જાય છે.

પ્રશ્નો :

(1) મનુષ્ય જીવનમાં સહનશીલતા કેળવે તો શું પ્રાપ્ત કરી શકે છે ?

(2) સહનશીલ બનવા માટે માનવે શું કરવું જોઈએ ?

(3) વયોવૃદ્ધ પ્રધાને પૌત્ર પાસે શું મંગાવ્યું ? તેઓએ તેનું શું કર્યું ?

(4) ઓ ઑસાનના પરિવારની શી વિશેષતા હતી ?

(5) શ્રીમા શારદાદેવી સહનશીલતા વિશે શું કહે છે ?

Prepp Your Personal Exams Guide

SECTION B

[Effective Writing Skills]

2. (અ) નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ **એક** વિષય પર 250 શબ્દોમાં નિબંધ લખો. *8*

(1) પ્રદૂષણ – એક સમસ્યા

(2) શિયાળાની સવાર

(3) સમાજમાં કન્યા કેળવણીનું મહત્ત્વ

(બ) નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા રચો અને તેને યોગ્ય શીર્ષક આપો. *6*

એક ગામ / બે મિત્રો / જંગલમાં ફરવા જવું / રીંછનો ભેટો થવો / એક મિત્રનું ઝાડ પર ચડી જવું / બીજા મિત્રનું શબની જેમ સૂઈ જવું / રીંછનું તેની પાસે આવવું અને સૂંઘીને ચાલ્યા જવું / ઝાડ પરથી મિત્રનું નીચે ઊતરવું / પૂછવું / 'રીંછ તને કાનમાં શું કહ્યું ?' / ભય વખતે ભાગી જનાર મિત્રથી ચેતજે – બોધ.

(ક) રમતોત્સવમાં ઉત્તમ દેખાવ કરી પારિતોષિક મેળવેલ બહેનને અભિનંદન આપતો પત્ર લખો. *6*

અથવા

નાનાભાઈને 'પાણીનું મહત્ત્વ' સમજાવતો પત્ર લખો.

Prepp Your Personal Exam Guide

SECTION C

[Applied Grammar]

3. (અ) સૂચના પ્રમાણે પરિવર્તન કરો. *3*

(1) અરે ! આજના યુવક-યુવતી માતા-પિતાની ઈચ્છા વિરુદ્ધ વર્તે છે !
(પ્રશ્ન વાક્ય બનાવો)

(2) ઘરમાં નોકર ન હોય તે મને ગમે છે. (ઉદ્‌ગાર વાક્ય બનાવો)

(3) ઈશ્વરની આ દુનિયા કેટલા અચરજથી ભરેલી છે !
(વિધાન વાક્ય બનાવો)

(બ) નીચે આપેલા રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્ય પ્રયોગ કરો. *3*

(1) કપાળ કૂટવું

(2) પેટે પાટા બાંધવા

(3) સાક્ષાત્કાર કરવો

(ક) નીચેના વાક્યોના સૂચના પ્રમાણે કાળ બદલો. *3*

(1) આજે સવારે એ મારે ત્યાં આવ્યો. (પૂર્ણ ભૂતકાળ બનાવો)

(2) છોકરાઓનું ટોળું જાદુનો ખેલ જોતું હતું. (સાદો ભવિષ્યકાળ બનાવો)

(3) અનિતા બા પાસે રામાયણ વાંચતી હતી. (પૂર્ણ વર્તમાનકાળ બનાવો)

(ડ) નીચેના વાક્યોને લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દષ્ટિએ સુધારો. *3*

(1) વાદરા હતા ન પૂરવજો આપના કહે છે ? એમ કોન.

(2) કેશરી ગઈ બની હતી. પથરાઈ કેસુડાંથી શડક જંગલની.

(3) તકરારો દીવાડીમાં જ લોકોને એ સૂજે છે.

Prepp
Your Personal Exams Guide

(ઇ) નીચેની કહેવતોનો એક વાક્યમાં અર્થ લખો. *3*

(1) પારકી આશ સદા નિરાશ

(2) શાહુકારની એક આંખ ને ચોરની ચાર

(3) સોળે સાન ને વીસે વાન

(ઈ) (1) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દ લખો. *2*

(i) તરંગ

(ii) શાશ્વત

(iii) દાદુર

(iv) બપૈયો

(2) નીચેના શબ્દોના વિરોધી શબ્દ આપો. *1*

(i) શિથિલ

(ii) પરલક્ષી

(3) નીચેના શબ્દોનો સંધિ વિગ્રહ કરો. *2*

(i) દુષ્કૃત્ય

(ii) બ્રહ્માસ્ત્ર

SECTION D

[Literature]

4. (અ) નીચેનામાંથી કોઈ પણ *ચાર* વિધાનો માટે પૂર્વાપર સંબંધ આપો. *8*

(1) મને તો અમેરિકન જીવન ગમે છે.

(2) ચંદ્રવદન સિનિયર ટીમમાં ક્રિકેટ રમવા દાખલ થઈ શક્યા.

(3) નોકરની રાહ બધાં આતુરતા પૂર્વક જોવા લાગ્યાં.

(4) સંતાનોએ વિનાસંકોચે ઘરબાર છોડવા તૈયાર રહેવું જોઈએ.

(5) શીલાએ અંગ્રેજી શીખી લીધું.

(બ) નીચેનામાંથી કોઈ પણ *બે* પ્રશ્નોનાં સાત-આઠ વાક્યોમાં ઉત્તર લખો. *8*

(1) સ્વાવલંબી જીવન જીવવાની પ્રેરણા આપતું પાત્ર 'કનુ' શ્રેષ્ઠ પાત્ર છે ? તમારા શબ્દોમાં સ્પષ્ટ કરો.

(2) બેતાળીસની લોકક્રાંતિમાં લોકોએ બતાવેલ જુસ્સાનું આલેખન તમારા શબ્દોમાં વર્ણન કરો.

(3) આનંદ અને જયંત વચ્ચે કઈ બાબતે સ્પર્ધા હતી ? તેનું શું પરિણામ આવ્યું ?

(ક) નીચેનામાંથી કોઈ પણ *બે* પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. *4*

(1) માજીના ઓરડામાં શું શું રાખવામાં આવતું હતું ?

(2) વરસાદ ન આવવાથી લોકોની દશાનું વર્ણન કરો.

(3) પ્રોફેસરોએ કરેલું લોકક્રાંતિનું પૃથક્કરણ – જણાવો.

5. (અ) નીચેનામાંથી કોઈ પણ *ત્રણ* પ્રશ્નોનાં બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. *6*

(1) 'પૂર્યા પાંજરે પોપટ' હાઈકુમાં કવિ કયા બે વિરોધી ભાવોને કેવી રીતે પ્રગટ કરે છે ?

(2) 'ઠામ' કાવ્યમાં પ્રકૃતિના કયા કયા તત્ત્વો પોઠી ગયા છે ? તેનું વર્ણન કરો.

(3) એક તારા દ્વારા કવિ બાદરાયણ કઈ રીતે મસ્ત રહેવા માંગે છે ?

(4) 'ઝાકળ' અને 'વૃક્ષના ફળ' વિશે કવિ સુન્દરમ્ શું કહે છે ?

(બ) નીચેનામાંથી કોઈ પણ બે પ્રશ્નોનાં વિસ્તૃત ઉત્તર લખો. *8*

(1) 'જનની' કાવ્યમાં કવિએ માતાને કોના કોના કરતા ચડિયાતી બતાવી છે ? કેવી રીતે ?

(2) કવિએ સમાજમાં વ્યાપેલી વિષમતા દર્શાવવા ક્યા ક્યા દૃષ્ટાંતો આપ્યાં છે ?

(3) સ્વતંત્રતા પછી દેશની સ્થિતિ માટેની કવિ ઉમાશંકર જોષીની વેદના વર્ણવો.

(ક) નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તર તમારા શબ્દોમાં લખો. *6*

તગ તગ તગતો તડકો.....
અહીં અડકો કે ત્યાં અડકો, બસ જાણે વટનો કટકો.....
જરા ધરા પર પગ મૂકો ત્યાં
કાળઝાળ થઈ બટકે;
છાંય મહીં ત્યાં સહુ ચાલે ને
ના કોઈ એને અડકે.
એક તરાપે શિકારને બસ બાઝી પડતો ભડકો.....
એ જ શિયાળે પીઠ શેકતો
હૂંફ આપતો નીકળે;
હિમની ચાદર એના પરશે
હળવે હળવે પીગળે.
સોનાવરણી કાય કરી દે સમય મહીં જઈ અડકો.....
તગ તગ તગતો તડકો.....

Prepp
Your Personal Exams Guide

પ્રશ્નો :

(1) કવિએ કઇ ઋતુની વાત કરી છે તેના ક્યા ક્યા રૂપો વર્ણવ્યા છે ?

(2) હિમને સ્પર્શ કરવાથી શું પરિવર્તન આવે છે ?

(3) છાંયડે ચાલતા લોકો તડકાને કઈ રીતે જુએ છે ?

(4) કઈ ઋતુમાં તડકો લાભદાયી બને છે ? કેવી રીતે ?

(5) કવિને તડકો કેવો લાગે છે ?

(6) તડકા માટે ક્યુ વિશેષણ વાપરવામાં આવ્યું છે ?

6. નીચેનામાંથી કોઈ પણ **એક** લેખકનો પરિચય આશરે 200 શબ્દોમાં લખો. *10*

(1) ગાંધીજી

(2) દલપતરામ

(3) પન્નાલાલ પટેલ